સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

વિકાસના વહેમમાં લગાણાં લગાડી બેઠા!
મોટા નેતા, સાથીઓથી સંબંધ બગાડી બેઠા!
વગાડી બેઠા છે શંખ વડા-પ્રધાન પદનો
દોડે છે હવે, શરમ-સંકોચ, ફગાડી બેઠા!
(બિહાર ફોન કર્યા - ભાગવતને મળ્યા)
(લગાણાં = ઉંબાડીયું)

સત્તાની મીરાં
છોડી ગઇ મેવાડ -
'રાણા' એકલા..
(ટિકીટ-સાથીઓ-ગયા)

બળતો નથી,
વધે રાવણીયાં માથાં
ભ્રષ્ટાચારનાં..
(કેગ દહન)

ચિંતન

કરોતિ નિર્મલાધાર સ્તુચ્છ સ્યાપિ મહર્ધતામ્ ।
અંબુનો બિંદુરલ્યો અપિ શુક્તો મુક્તા ફલં ભવેત ॥

'વરસાદ જલ બિંદુ-ટીપું, સાવ નાનું અને તુચ્છ હોવા છતાં જો સાગરની છીપમાં પડે તો કિંમતી મોતી બની જાય છે એ જ રીતે જે કોઇ નિર્મલ, સ્વચ્છ પદાર્થ-વ્યક્તિગત-સજ્જનનો સાથે-સંગમ-સમાગમ-સત્સંગ પામે તો દુર્જન પણ સજ્જન-થઇ જાય પણ કિંમતી થઇ જાય છે.'

ધનવાન અને મોટા કૂળમાં જન્મ હોય પણ બાળક પટાવાળા-કામવાળા અને ઘર સફાઇ-દેખરેખ રાખતાં નાના કર્મચારી જેવા નીચા કુળનાં માણસ પાસે જ ઉછર્યું હોય તો બોલી અને ટેવો તેની જ અસરવાળી આવશે કારણે કે, મા-બાપનો પોતાની પ્રવૃત્તિ કે ધંધામાં પડ્યાં હોય પાછળ બાળકનું ધ્યાન આવાં લોકો પોતાની રીતે જ રાખતાં હોય છે પરિણામે એમની જ બધી જ અસર બાળક પર આવવાની..

વાલિયા લુંટારાને નારદજીનો ઘડીભર સત્સંગ થયો તો એમાંથી ઋષિ વાલ્મિકી થઇ ગયા. સામાન્ય મેઘ-બિંદુ સમુદ્ર છીપમાં પડે તો સાચું મોતી થઇ જાય!

સત્સંગનો આ પ્રભાવ છે.

સુવિચાર

- મોત કાયરોની વળગે છે, જ્યારે બહાદુરોને ભેટે છે - રત્નસુંદર વિજયજી
- નાઝિર, બધુંય આપે છે લોક પણ । ખરચેલ શ્વાસ પાછા કોઇ આપતું નથી ॥ - નાઝિર
- મૃત્યુને કોળી ટાળી નથી શકતું - તો પછી એનો ભય શા માટે રાખો છો! - સ્વામી ચૈતન્ય
- જન્મ અને મૃત્યુ એ જગતનાં નિર્વિવાદ સત્ય છે - વિજયચંદ્ર સૂરિ
- જીવનમાં એક દિવસ એવો આવે છે કે જ્યારે કોઇ, કોઇનું રહેતું નથી - કબીર
- સંગ્રહનો અંત છે નાશ, ઉદ્દયનનો અંત છે પતન સંયોગનો અંત છે વિયોગ, જીવનનો અંત છે મૃત્યુ - વાલ્મિકી
- જે લોકો કર્મોથી નિર્લેપ થઇ ગયા છે તેના મૃત્યુને 'મુક્તિ' કહી શકાય - એસ. ભટ્ટાચાર્ય

બોધ કથા

એક દિવસે બાદશાહે બીરબલને કહ્યું મારે વિકલાંગનાં ટ્રસ્ટને ડોનેશન આપવું છે માટે ટ્રસ્ટની ચાદી તૈયાર કરાવ. બીરબલ કહે, હવે એવા કોઇ ટ્રસ્ટને ડોનેશન ન અપાય. પૈસા વચ્ચેથી જ ખવાઇ જાય છે વિકલાંક સુધી પહોંચતા જ નથી. બાદશાહ કહે, અંધજનોને જ હાથમાં આપીએ તો તો એમને પહોંચે જ ને!

બીરબલ કહે, આંધળા કોને કહેશો? દેખતા લોકો પણ આંધળા જેવા જ હોય છે!

બાદશાહ કહે સાબિત કરી આપ -

બીરબલ ચોકમાં ખાટલાની પાટી ભરવા બેઠો ને રાજાને નોટબુક-પેન્સિલ લઇ બાજુમાં બેસાડ્યાં, ને કહ્યું હું કહું એનાં નામ આંધળાની ચાદીમાં લખતા આવજો..

બીરબલ બજાર ચૌટે ખાટલો ભરવા લાગ્યો. જે કોઇ પસાર થાય એને આશ્ચર્ય થાય અને પૂછે, 'બીરબલ, આ શું કરો છો?' બીરબલ રાજાને કહે, 'લખી નાખો, આનું નામ.'

બપોર સુધીમાં તો પચાસેક નામ 'દેખતાં' લોકોનાં 'આંધળા' તરીકે લખાઇ ગયા. રાજા સમજી ગયો. આપણે દેખતાં-સમજતાં હોઇએ છીએ છતાં વધારે સ્પષ્ટતા માટે નકામા પ્રશ્નો પૂછતાં રહેતા હોઇએ છીએ જેની જરૂર જ નથી હોતી.

ગંગનમ સ્ટાઈલ... નાચવાનો નવો અંદાજ!!

જ્યારે તમે ગંગનમ સ્ટાઇલ પર ડાન્સ કરતાં હોવ ત્યારે અદૃશ્ય ઘોડા પર સવાર હોવાની કલ્પના કરવી

નવરાત્રીનાં ગરબામાં ગંગનમ ડાન્સ કરતાં યુવક - યુવતીને જોઇ મજા પડી જાય એવો માહોલ સર્જાયો છે... ગયાં મહિને ટી-૨૦ નો વર્લ્ડકપ યોજાયેલો એમાં ભારત - પાકિસ્તાનની મેચને બાદ કરતાં ભારતીયોને ક્રિકેટમાં કશું યાદ કરવાં જેવું નહોતું... પણ વેસ્ટ ઇન્ડિઝનો ખોફનાક બેટ્સમેન ક્રિસ ગેઇલે એક મેચમાં કંઇક અજબ પ્રકારની એકશન સાથે ડાન્સ કર્યો અને એ ફેમસ થઇ ગયો... હવે આ એકશન ક્યાંથી આવ્યાની શોધખોળ કરતાં ખબર પડી કે આ તો કોરિયન ડાન્સ ગંગનમ સ્ટાઇલ છે!!

યંગસ્ટર્સ અને યુ-ટ્યુબ એ એકબીજાનાં સાથીદાર અને જ્યારે જુલાઇ મહિલામાં 'ગંગનમ સ્ટાઇલ' નો વિડીયો અપલોડ થયો ત્યારથી લઇ આજ સુધી અઘઇ થઇ જવાય એટલાં લોકો આને જોઇ ચૂક્યા છે... મસ્તમજાનાં કપડાં પહેરો અને મસ્તીથી ડાન્સ કરો એવો ગુરૂમંત્ર કોરિયન રેપર સાઇએ આપ્યો છે... એમનું આ રેપ સોંગ 'ગંગનમ સ્ટાઇલ' ઓનલાઇન પર વાયરલ ફિવરની જેમ ફેલાઇ ચૂક્યું છે. યુ-ટ્યુબ દરરોજનાં લાખો લોકો એને 'લાઇક' કરી રહ્યાં છે!!

ભારતમાં થોડા મહિનાઓ પહેલાં વાયરલ બનેલું કોલાવરી ડી કરતાં અનેકગણું વધારે આ ગંગનમ સ્ટાઇલ પ્રચલિત થયું છે. ગંગનમ સ્ટાઇલને યુ-ટ્યુબ પર અત્યાર સુધી ૩૨ કરોડથી વધુ લોકોએ 'લાઇક' કર્યું જ્યારે ભારતનાં સુપરસ્ટાર રજનીકાંતના જમાઇ ધનુષનું 'કોલાવરી ડી' ગીતને ૬ કરો જેટલાં લોકોએ જોયેલું હતું!! ગંગનમ સ્ટાઇલ ગીત મલેશિયા, લેતાવીઆ અને ફિનલેન્ડ જેવાં દેશોમાં નંબર વન પર ચાલી રહ્યું છે. કોરિયાઇ ભાષાનું ગીત યુરોપિયન કન્ટ્રીમાં નંબર વન બને એ આશ્ચર્યજનક ઘટના બની છે!!

Hello ફ્રેન્ડસ!
- સંજય થોરાત

'કોલાવરી ડી' જેવાં ગીત કરતાં છ ગણું વધારે પ્રસિદ્ધ થઇ યુ-ટ્યુબ પર જોવાઇ રહેલાં આ ગીતમાં એવું ખાસ શું છે? આ ગીત આમ તો ખુબ જ સામાન્ય છે પણ એનો વીડીયો અને ડાન્સીંગ સ્ટાઇલ - સ્ટેપ્સ ઘમાલનાં છે... અમેરિકાના કેટલાંય ટીવી શોમાં સાઇએ આ ડાન્સ કરી બતાવ્યો છે. બધાં જ સારાં રેપ ગીતની જેમ જ આ ગંગનમ સ્ટાઇલ ભૌતિકવાદી સમાજ પર કટાક્ષ કરતુ ગીત છે... આનું સંગીત તો વર્ષો સુધી યાદ નહીં રહે પણ એનો ડાન્સની સ્ટાઇલ કદાચ લોંગ લાઇફ રહેશે એવું લાગે છે!!

૩૨ કરોડ લોકોએ આ ગીતનો વીડીયો જોયો છે અને એમાંથી લગભગ મોટા ભાગનાં એનાં અર્થથી બેખબર જ છે. એટલે એટલું તો નિશ્ચિત જ છે કે લોકો માત્ર ડાન્સ જોવા ઓનલાઇન થાય છે... આ ગંગનમ સ્ટાઇલનાં વીડીયોમાં બેઢબ અને ઘડ-માથા વગરનો ડાન્સ લોકોનો મનોરંજક લાગે છે, એનાથી રોમાંચિત થવાય છે અને એટલે જ વધુ જોવાય છે.

દક્ષિણ કોરિયામાં ૨૪ વર્ષીય સાઇ પહેલેથી એક પોપ્યુલર સ્ટાર છે. એની બાર વર્ષની કરિયરમાં આ છઠ્ઠું આલ્બમ છે. એનું અસલી નામ પાર્ક જેએ સંગ છે. ગંગનમ એ સિલોલ શહેરમાં એક ઇલાકાનું નામ છે જ્યાં અમીરોની વસ્તી છે અને એનાં પર કટાક્ષ કરતું આ ગીત બનાવ્યું છે... ગંગનમ નો અર્થ નદીની દક્ષિણમાં એવા થાય છે. સાઇ આની તૂલના લોસ એન્જેલસનાં બેવરલી હિલ્સ સાથે કરે છે. લોક એન્જેલસનાં એમટીવી એવોર્ડમાં સાઇએ ગંગનમ્ સ્ટાઇલનાં ઠુમકા મારી સૌને, પ્રભાવિત કરી દીધેલાં... ટોમ ક્રુઝ, કેટ પેરી, રોબી વિલિયમ્સ, તેલી ક્રુટ્ડિ અને જેમ્સ કોર્ટન જેવાં મોટા સ્ટારે આ રેપ ગીતને પ્રત્યે પોતાનો પ્રેમ જતાવ્યો છે!!

જેમ સ્લમડોગ મિલિયોનરના ગીત 'જય હો' પર લોકો પરફોર્મ કરી પોતાની વીડીયો પોસ્ટ કરતાં એમ જ આ ગંગનમ સ્ટાઇલ પર લોકો નાચી રહ્યાં છે. ફિલીપીન્સમાં એક જેલ અધિકારીએ એક વીડીયો યુ-ટ્યુબ પર પોસ્ટ કર્યો છે. જેમાં એક હજાર કેદીઓ ગંગનમ સ્ટાઇલમાં ઘોડો ચલાવતાં વાળો સ્ટેપ્સ કરી ચૂક્યાં છે... થાઇલેન્ડની નૈસેનાનાં અધિકારીઓએ આ ગીત કરી એમનો વીડીયો બનાવ્યો છે... આ ગીતમાં જે લોકો ચલાવવાની સ્ટાઇલ છે એ લોકોને ખુબ પસંદ પડે છે. સાઇ એવું કહે છે કે, 'જ્યારે તમે ડાન્સ કરતાં હોવ ત્યારે કલ્પના કરવાની કે તમે એક અદૃશ્ય ઘોડા પર સવાર છો!!'

ટીવી સિરિયલોમાં પોતાની નવી ફિલ્મ લોન્ચિંગ વખતે સ્ટાર્સ ઉતરી પડે છે અને એમાં 'જબ તક હૈ જાન' ફિલ્મના શાહરૂખ અને કેટરીના કૈફ કૌન બનેગા કરોડપતિનાં કાર્યક્રમમાં પહોંચી ગયેલાં... આ કાર્યક્રમમાં અમિતાભનાં આગ્રહથી શાહરૂખ અને કેટરીનાએ ગંગનમ સ્ટાઇલમાં ડાન્સ કર્યો અને પછી અમિતાભ પર જોડાઇ જતાં ત્રણે જણાએ ગંગનમ્ સ્ટાઇલથી મનોરંજન પીરસી પ્રેક્ષકોને જલસાં કરાવી દીધાં!!

લોકપ્રિયતામાં ગંગનમ સ્ટાઇલે ભારતનાં અતિપ્રસિદ્ધ બનેલાં કોલાવરી ડીને ક્યાંક પાછળ મુકી દીધું છે. ગંગનમ્ કેટલાંય લોકો કોપી કરી ચૂક્યાં છે. જાહેર કાર્યક્રમમાં કોઇ પર કલાકાર પાસે હવે પ્રેક્ષકો ગંગનમ્ ડાન્સની ડિમાન્ડ મુકે છે... સાઇ એટલે કે પાર્ક જેએ સેંગ આજે વિશ્વ નામનાં મેળવી ચૂક્યાં છે... એમનાં વીડિયોમાં બતાવેલો હોર્સ રાઇટીંગ ડાન્સ તો એ એમને દિવસમાં દશ બાર વખત કરવો પડે છે!!!

ચૂંટલો :

ટેક્નોલોજીના આવિષ્કારનાં જમાનામાં કંઇક કોલાવરી ડી કે ગંગનમ સ્ટાઇલ જેવું જબરદસ્ત કરો તો વર્લ્ડ ફેમસ થતાં વાર નથી લાગતી, શરત માત્ર એટલી જ છે કે, કોપી-પેસ્ટનાં જમાનામાંય અસ્સલ વસ્તુની ડિમાન્ડ એટલી જ છે. એવું યાદ રાખવાની.

ધ્યેય નક્કી કર્યું હોય તેને નિષ્ફળતાથી થાકીને બદલીએ નહીં અને પ્રાણપણે વળગી જ રહીએ તો, પરિણામ મળે જ એ નક્કી છે

પારિજાત
- રેખા ભટ્ટ

'ગાર્દિશમેં તો તારે ના ગભરાના પ્યારે
ગર તું હિમ્મત ના હારે
તો હોંગે વારે ન્યારે'

આપણને સપનાં જોવાં ગમે છે - સરસ મજાનાં - રંગબેરંગી. જેમાં આપણે મનગમતું મેળવી શકીએ, સફળતા મેળવીએ, બોલબાલા થઇ જાય. ટૂંકમાં જાણે આપણા નામના સિક્કા પડવા માંડે એવી સફળતા મેળવીએ - એવું સૌનું ગમે છે.

ઝળહળતી સફળતા મળે, ઇચ્છિત કામ પૂરૂં થાય એવું વિચારીએ છીએ અને એ માટે તન-મન-ધનથી ઝૂકાવી દઇએ પછી ઘણીવાર એવું બને છે કે ધાર્યા મુજબ પરિણામ મળ્યું નથી એટલે આપણે નિરાશ થઇને એ કામ પડતું મુકીએ છીએ. અને આપણાં માટે થોડું ઓછું અઘરૂં હોય તેવું કામ પસંદ કરી પાછું નવેસરથી શરૂ કરીએ છીએ. અને નસીબ વાંકા હોય તો, એમાં પણ નિષ્ફળતા મળે છે અને આપણે હતાશ બની જઇએ છીએ.

અને 'મારી સાથે જ કેમ આવું થાય છે?' એમ વિચારીને મુંઝાઇ જઇએ અને લીધેલું કામ પડતું મુકીએ છીએ. હકીકતે એ વખતે જ હિંમત હાર્યા વિના પ્રયત્નપૂર્વક લીધેલા કામને વળગી રહેવાની જરૂર હતી. અને પૂરા મનથી પ્રયત્ન કર્યા કરવાથી ચોક્કસ સાચો રસ્તો સૂઝી આવ્યો હોત અને મનગમતું કામ પૂરૂં થયું હોત ખૂબ સારી રીતે.

એવું કહેવાય છે કે, પાણી મેળવવા માટે નાના નાના એવા વધારે પડતાં ખાડાઓ ખોદવા કરતાં એક જ જગ્યાએ ઊંડું ને ઊંડું ખોદવામાં આવે તો પાણી મળી આવવાની શક્યતાઓ વધી જાય છે.

આપણને જે લોકો સફળ થયા છે તેમની સફળતા જોઇને ઇર્ષા થાય છે, પણ એની પાછળ એમણે કરેલો સંઘર્ષ દેખાતો નથી. કેમ કે, સંઘર્ષનો સમય ગમે તેટલો લાંબો હોય તો પણ સફળતા પાછળ એ દબાઇ જાય છે અને આપણને માત્ર જે તે વ્યક્તિની સિદ્ધિઓ જ દેખાય છે, તેમણે કરેલો સંઘર્ષ નહીં.

એનાં કરતાં નિરાશ થઇને લીધેલું કામ પડતું મુકી દેવા કરતાં, પુરી લગનથી મહેનત કરવામાં આવે તો કોઇ કામ મુશ્કેલ નથી હોતું, અને પૂરૂં થયા વિના રહેતું નથી.

પ્રેમચંદની એક સરસ વાર્તા છે. "દળનારીઓ કૂવો" એમાં એક ગરીબ ડોશી પોતાના સ્વર્ગસ્થ પતિનું નામ બધા યાદ રાખે તે માટે રાત-દિવસ દળણાં દળીને પૈસા એકઠા કરે છે. અને ગામ લોકો માટે કૂવો બનાવવા ગામનાં સરપંચને પોતાની બધી મહેનતની કમાઇ આપી દે છે.

સરપંચ રાજી થઇને કૂવો બનાવવાનું ડોશીને વચન આપે છે. અને એ માટે તૈયારીઓ કરે છે પણ સરપંચના દીકરાની દાનત બગડતાં, ધાક-ધમકીથી પૈસા પડાવી લઇ વેપાર-ધંધામાં રોકીએ ખર્ચી નાખે છે. કૂવો બનાવી શકાતો નથી. સમય જતાં ડોશી મરી જાય છે. સરપંચ પણ મરી જાય છે. ડોશીનું કૂવો બનાવવાનું સપનું પૂરૂં થતું નથી.

સમય જતાં, સરપંચના દીકરાના ત્યાં એક દીકરી જન્મે છે. જે હરતી-ફરતી થતાં વેંત એક જગ્યાએ ખાડો ખોદવાનું શરૂ કરે છે. આખો દિવસ ખાડો ઊંડો કરવામાં જ મશગૂલ છોકરીને, જોઇ બીજાં બાળકો પણ આ રમતમાં સામેલ થાય છે. અને રમતગમતમાં કૂવા જેવડો ઊંડો ખાડો થઇ જાય છે. હવે ગામ લોકોને પણ રસ પડતો ગયો અને બધાંએ ભેગા થઇ કૂવા પણ ચરણતર કરી પાકું કામ કર્યું અને કૂવામાં પાણી આવવાનું શરૂ થઇ ગયું. ગામલોકોનાં આનંદનો પાર ના રહ્યો. સૌ હરખથી ઘરે ગયાં. માત્ર પેલી છોકરી ગૂમસૂમ થઇ કૂવા આગળ બેઠી રહી. બીજા દિવસે કૂવાના થાળા ઉપર એ છોકરીની લાશ પડી હતી. સૌ એ એક અવાજે કહ્યું, આ છોકરી પેલી 'ડોશી' તો નહોતી? - અને સૌએ એ કૂવાને નામ આપ્યું 'દળનારીનો કૂવો.'

વાર્તા તો વાર્તા જ છે પણ ખરા દિલથી કરેલી ઇચ્છા પુરી થતા વગર રહેતી નથી.

આપણી અસલીયતમાં તો એટલું જ જરૂરી છે કે ધ્યેય નક્કી કર્યું હોય તેને નિષ્ફળતાથી થાકીને બદલીએ નહીં અને પ્રાણપણે વળગી જ રહીએ તો, પરિણામ મળે જ એ નક્કી છે.

એક જ લીટીમાં કહીએ તો -

"Don't give up." - "patience and faith makes everything possible."

મારી યુવાનીથી લઇને મારા આ છેલ્લા સમય સુધી જે હિંચકો મને સાથ આપી રહ્યો છે તેને હું કેવી રીતે છોડી શકું? તેની સાથે મારા મનમાં તાર ગૂંથાઇ ગયા છે, તેના વગરનું મારૂં જીવન હું કલ્પી શકતો નથી

'હિંચકો'
જીવતરનો સાક્ષી - વાર્તા
- હર્ષદરાય ઉપાધ્યાય

દિવાળીના તહેવારોને હજુ વાર હતી પરંતુ વેકેશન પડી ગયું હતું. કોલેજની હોસ્ટેલમાં મારૂં પ્રથમ સત્ર પૂરૂં થયું હતું. બારમાં ધોરણ પછી એન્જિનીયરીંગના અભ્યાસ માટે દૂરનાં શહેરની હોસ્ટેલમાં હું દાખલ થયો હતો, અને દિવાળી વેકેશન પડતાં ઘરે જવાની ઉતાવળ જોવા જેવી હોય છે.

ઘેર આવતાં જાણે કે સ્વર્ગમાં આવ્યાનો અહેસાસ થાય છે. ઘરનાં સૌ ખુશખુશાલ થઇ ગયા. નાનકી માટે વિડીયોગેમ લાવ્યો હતો અને દાદા માટે ચશ્માની જોડ. મારા ઘરમાં મમ્મી, પપ્પા, નાની બહેન અને દાદાજી એટલા સભ્યો હતા. દાદી થોડાંક વર્ષો પહેલાં ગુજરી ગયા હતાં. પિતાજી ધંધામાં સારૂં કમાયા હતા આથી જૂનું ઘર રીનોવેશન થઇ ગયું પણ માત્ર ઝરૂખામાં બાંધેલ વર્ષો પુરાણો હીંચકો જેમનો તેમ હતો. બંગલાની શોભામાં એ એકમાત્ર નડતર રૂપ લાગતો હતો. મેં પિતાજીને આ વાત કરી ત્યારે તે સહેજ ચીડાઇને બોલ્યા કે, "તારા દાદા જોને, માનતા જ નથી. હું નવો લેટેસ્ટ હીંચકો બાંધી આપવા કહું છું પણ ના, તેમને તો આજ હિંચકો જોઇએ છે. ના જાણે શું ય દાટ્યું છે આ જૂના હિંચકામાં?" મને પણ આ વાત ખટકી. પણ શાંતિથી દાદાને સમજાવવાનું નક્કી કરી હું કામે વળગ્યો.

રાત્રે દાદા હિંચકે બેઠા હતા. ત્યારે હું તેમની બાજુમાં ગોઠવાયો અને વાતે વળગ્યો. વાતવાતમાં મેં હિંચકાની વાત મુકી દીધી. દાદાએ ઊંડો શ્વાસ લીધો અને નિશ્વાસ નાંખતાં અને આંખના ખૂણે સહેજ ભીંનાશને લૂછતાં બોલ્યાં, 'બેટા, તું નહીં સમજે કે તારા પપ્પા પણ નહીં સમજે પણ આ હિંચકો મારે મન મારો જીવનસાથી છે. તેના વગર મારૂં જીવન સૂનું થઇ જાય છે.' અને પછી દાદાએ હિંચકા સાથેનાં તેમનાં સંસ્મરણો વાગોળવાં શરૂ કર્યાં. આંખો દૂર ક્યાંક મંડાઇ હતી અને મનની ગહેરાઇમાંથી બોલવા લાગ્યાં.

ત્યારે મારી ઉંમર માંડ ઓગણીસની હશે. ઝરૂખામાં જોરથી હિંચકો હું હિંચકતો અને ગીત લલકારતો. એક વખત એક સુંદર છોકરી રસ્તા ઉપરથી પસાર થઇ અને અમારી આંખો મળી. બસ કોણ જાણે શું થયું પણ તે દિવસથી તે છોકરી મારા મનમાં વસી ગઇ. અમારો રોજનો ક્રમ થતો ગયો. તે માંડ સત્તર વર્ષની હશે. હું રોજ હિંચકે ઝૂલું અને તે મરક મરક હસીને ચાલી જાય. અને સમયની બલિહારી ગણો કે જે ગણો તે પણ મારી માએ તેજ છોકરી સાથે મારી સગાઇ કરી. ગામના સુખી કહી શકાય તેવા કુટુંબમાં સગાઇ થઇ અને તે પણ પાછી જેની જોડે મનમાં તાર ગૂંથાઇ રહ્યા હતા તે. પછી તો પગ ધરતી ઉપર ન ટકે. અને અમારાં લગ્ન થયાં. એજ તારાં દાદી બન્યાં હતા. અમે બંને નિયમિત રોજ હિંચકે બેસી વાતોનો યાદ કરતાં કરતાં આનંદ વિભોર બની જતાં, આ હિંચકા ઉપર હાથ પ્રસારી રહ્યાં.

વાત કરતાં કરતાં દાદા અજાણતાં હિંચકા ઉપર હાથ પ્રસારી રહ્યાં. થોડાંક વર્ષો બાદ તારા પિતાજીનો જન્મનો સમય થયો હતો. ઘરનાં સૌ ખુશ હતાં અને સુખરૂપે બધું પતે તેની ફીકરમાં પણ હતા. તે રાત્રે વ્યગ્રતાથી હું આ હિંચકે બેઠો હતો. અને ભાભીએ ખુશખબર આપ્યા અને મારા ખોળે તારા પિતાજીને મૂક્યા, તે આનંદની પળોનો સાક્ષી એવો આ હિંચકો મારાથી અલગ નથી જ.

તારા પિતાજીનું બાળપણ, અહીં વીતતું ગયું. અહીં બેસાડી તેને હું જમાડતો, વાતો કરતો અને ઊંઘાડી પણ દેતો. તારા પિતાજી યુવાન બન્યા ત્યારે તે મારી પાસે આ હિંચકે બેસી થોડી દિલની વાત કરતા હતા. તારી દાદી અને હું અહીં બેઠા હતા. ત્યારે તારી મમ્મીને અહીંથી રોજ મંદિર જતાં જોતો અને અમે તારા પિતાજીની સગાઇ તેની સાથે કરવા નક્કી કર્યું હતું.

તારા પિતાજીનો વરઘોડો નીકળ્યો ત્યારે હું અને તારાં દાદી અહીં હીંચકે બેસી ખૂશ થતાં થતાં ફોટા પડાવતાં હતા.

તારી મમ્મી લગ્ન પછી અહીં હિંચકા પાસે બેસી તારાં દાદીના પગ દાબી આપતી હતી. અને અમે ચારે રજાના દિવસે અહીં બેસી ચા પીતાં પીતાં અલકમલકની વાતો કરતાં હતા અને જાણે હિંચકો જવાબ આપવાનો ન હોય તેમ બોલ્યા પણ ખરા "માન્યામાં ના આવતું હોય તો પૂછ આ હિંચકાને?"

વળી પાછા ઊંડો શ્વાસ લઇ બોલ્યા. અને તને ખબર નહીં હોય અને ખબર હોય પણ ક્યાંથી કેમ કે તું તો તારી માના પેટમાં હતો?'

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૪મી ઓકટોબર

- ભારતમાં સૌ પ્રથમ રેડિયો ટ્રાન્સમિટીંગ કેન્દ્રની સ્થાપના કરનારા શિશિરકુમારનો જન્મ ૨૪ ઓકટો. ૧૮૪૦, તેમણે પ્રથમ બ્રોડકાસ્ટીંગ સર્વિનો પ્રારંભ કર્યો - ૧૯૨૬.

કિંગ પંચમ જોર્જે તેમને 'સિલ્વર જ્યુબીલી મેડલ' ૧૯૩૫માં આપ્યો. પદ્મભૂષણ શિશિરકુમાર બર્હિમુખી પ્રતિભા ધરાવનારા 'રેડિયો સંશોધનની તાલાવેલીવાળા' વ્યક્તિ હતા.

- આઇરીશ પ્રજાસત્તાકના શિલ્પી એમને દવેવેસરાની જન્મજયંતિ - ૧૮૮૨. આઇરીશ પ્રજાના મુક્તિદાતા આર્યલેન્ડની કાયાપલટ કરનારા એમનું અવસાન ૧૯૫૬ માં થયું.
- ૧૯૪૫ - સંયુક્ત રાષ્ટ્રસંઘની વિધિવત સ્થાપના.
- ૧૬૩૨ - એન્ટનવાન લ્યુવેન હોક -લોહીના રક્તકણો શોધનારા વૈજ્ઞાનિકનો જન્મ - ૧૬૩૨.
- ૧૮૮૨ - પાબ્લો પિકાસો : મોર્ડન આર્ટના ધૂરંધર કલાકારનો જન્મ.

- ૧૮૨૪ - મહર્ષિ દયાનંદ સરસ્વતીનો જન્મ.
- ૧૯૧૧ - અશોક મહેતા - પ્રખર ચિંતક, રાજનેતા આર્થિક પ્રશ્નોનાં જાણકારનો જન્મ.